ક્રમાંક/બમશ/મા.૧/ઘ૪૯૫-૯૬/૨૧૯૨૪-૩૫
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોકનં.૧૨ ડૉ.જીવરાજમહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તારીખ. ૧૬-૯-૯૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- ફાજલ તરીકેનું રક્ષણમેળવવા અંગે.

જયભારત સાથ જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા.૨૧-૫-૯૪ના ઠરાવ ક્રમાક/ઉમશ/૧૨૯૩/૨૫૩૩/ગ-૧/અનુદાન બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને ફાજલનું રક્ષણ મળવાના સંદર્ભમાં જરુરી સુચનાઓ આપવામાં આવી હતી અને તેના અનુસંધામાં તા.૨૧-૧૨-૯૪ના ઠરાવ ક્રમાંક:ઉમશ/૧૨૯૩-૨૫૩૩/ગ/અનુદાન શાળા બદલવાના પ્રસંગે ફાજલનું રક્ષણ મળવા અંગે જરુરી સ્પષ્ટતા પણ કરવામાં આવી છે.

આપના જીલ્લાની બિન સરકારી માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના કર્મચારીઓને ફાજલનું રક્ષણનું પ્રમાણપત્ર મેળવવા માટેની જે દરખાસ્ત આપના તરફથી મોકલવામાં આવે છે. તે પૈકીની કેટલીક દરખાસ્તોમાં પુરતી વિગતો હોતી નથી અને પરીણામે ફાજલના રક્ષણનું પ્રમાણપત્ર આપવામાં મુશ્કેલી ઉભી થાય છે. આથી આ બાબતે એક સુચના જળવાય તે હેતુથી આ અંગેનુ એ ક ફોર્મ તૈયાર કરવામાં આવેલ છે. તે આ સાથે મોકલવામાં આવે છે તો તે પ્રમાણેના નમુનામાં હવે પછીથી જે તે કર્મચારીની ફાજલના રક્ષણનું પ્રમાણપત્ર મેળવવાનો દરખાસ્ત મોકલવામાં આવે તે જોવા વિનંતી છે.

( યુ.વી.પટેલ)
સંયુકત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર.

ક્રમાંક/બ-૧/બમશ/પરીપત્ર/૯૫-૯૬/૧૩૫૦૯-૧૩૪
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વહવ ણનો ઉતારો,રાજકોટ
તારીખ:- ૨૬/૯/૯૫

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી માધ્યમિક શાળાઓ.
રાજકોટ જિલ્લો,

ઉપરોકત બાબતે જાણ તથા યોગ્ય અર્થે..

60
25/9/09

જિલ્લા શિક્ષણાધિકારી
રાજકોટ.

'દવે'૨૯૯૫

શિક્ષણ વિભાગના ઠરાવ નં. ઉમશ/૧૨૯૩/૨૫૩૩/ગ.તારીખ.
તરીકેનું રક્ષણ મેળવવા માટેનું અરજીપત્રક.

---

૧: અરજદારનું નામ :
હોદ્દો :

૨: હાલની સંસ્થાનું નામ:

૩: હાલની સંસ્થામાં જોડાયા તા.

૪: ફાજલ થયા અગાઉ નોકરીમાં
હતા તે શાળાનું નામ તથા હોદ્દો

૫: કોલમ-૪ની શાળામાં નોકરીમાં
જોડાયા તારીખ.

૬: કોલમ-૪ની શાળામાંથી ફાજલ
થવાનું કારણ.

૭: ફાજલ તરીકે કોલમ-૨ ની સંસ્થામાં
જોડાવા અંગે જિ.શિ.અ.શ્રીનો
હુકમ નં.તથા તા.(ખરીનકલબીડવી)

૮: હાલની શાળા છોડવાનું કારણ.

૯: હવે પછી જોડાવા ધારેલ શાળાનુંનામ
તથા નિમણુંકનો હોદ્દો.

૧૦: કઇ તારીખથી નવી જગાએ જવા
માંગે છે.

૧૧: આ અગાઉ આવી મંજુરી મેળવી હોય
તો તેની વિગતો.

સરકારના શિક્ષણ વિભાગના ઠ.નં.ઉમશ/૧૨૯૩/૨૫૪૩/ગ.તા.૨૧-૧૨-૯૪ની જોગવાઈઓ મેં વાંચી છે અને તેનું પાલન કરવા હું બંધાઉં છું. ફાજલ થયા પછી આ અગાઉ મે શાળા બદલવા માટે મંજુરી મેળવેલ નથી.તથા ભવિષ્યમાં પણ હું શાળા બદલવાની મંજુરી માંગીશ નહી તેની ખાત્રી આપું છું.

સ્થળ:-
તારીખ:-

કર્મચારીની સહી.
નામ.
હોદ્દો.

શાળાનો અભિપ્રાય.

અાજી પત્રકમાં જણાવેલ વિગતો શાળાના દફતર તથા કર્મચારીની સેવાપોથી મુજબ સાચી છે અને મજકુર કર્મચારીને ફાજલ તરીકેનું રક્ષણ ચાલુ રાખી અન્યશાળામાં જોડાવા મંજુરી આપવા ભલામણ છે.

સ્થળ
તારીખ:

આચાર્ય/સંચાલકની સહી તથા હોદ્દો

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો અભિપ્રાય.